–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં પીરાણા જંકશન અને વિશાલા જંકશન વચ્ચે સાબરમતી નદી પરના હયાત જુના શાસ્ત્રી બ્રિજ (પીરાણા જંકશનથી વિશાલા જંકશન તરફ જતા ડાબી તરફ આવેલ પુલ) ની કેટલીક બેરીંગ તથા પેડેસ્ટલ જર્જરિત થઇ ગયેલ હોવાથી તેનું કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ,અમદાવાદ દ્વારા નિરીક્ષણ કરતા પીરાણા જંકશન થી વિશાલા જંકશન તરફ જતા ભારે તથા મધ્યમ પ્રકારના માલ વાહક અને પેસેન્જર વાહનોની અવર–જવર તાત્કાલિક બંધ કરવી પડે તેમ જણાઇ આવેલ છે. જેથી આ બ્રિજ ઉપર પીરાણા જંકશન થી વિશાલા જંકશન તરફ જતા તમામ પ્રકારના ભારે તથા મધ્યમ પ્રકારના માલ વાહક અને પેસેન્જર વાહનોની અવર–જવર તા.૮/૨/૨૦૨૬ સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા માટે સંપુર્ણ બંધ કરવા પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું તા.૮/૮/૨૦૨૫ ના રોજ અત્રેથી બહાર પાડવામાં આવેલ છે, જે જાહેરનામું હાલ અમલમાં છે.

પીરાણા જંકશન અને વિશાલા જંકશન વચ્ચે સાબરમતી નદી પરના હયાત જુના શાસ્ત્રી બ્રિજ (પીરાણા જંકશનથી વિશાલા જંકશન તરફ જતા ડાબી તરફ આવેલ પુલ) નું કાર્યપાલક ઇજનેરશ્રી,રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ,અમદાવાદ દ્વારા વિસ્તૃત નિરિક્ષણ કરવાનું હોય જેના માટે મોટી મશીનરી બ્રિજ ઉપર ઉભી રાખી નિરીક્ષણનું કામકાજ કરવામાં આવનાર છે. આ બ્રીજ નિરિક્ષણની કામગીરી તા.૧/૯/૨૦૨૫ થી તા.૧૦/૯/૨૦૨૫ કુલ ૧૦–દિવસ, સવાર કલાક ૧૧.૦૦ થી સાંજ કલાક ૧૭.૦૦ સુધી ચાલનાર છે. જે નિરીક્ષણ દરમિયાન **શાસ્ત્રી બ્રિજ (પીરાણા જંકશનથી વિશાલા જંકશન તરફ જતા ડાબી તરફ આવેલ પુલ) તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે તા.૧/૯/૨૦૨૫ થી તા.૧૦/૯/૨૦૨૫ કુલ ૧૦–દિવસ સુધી, સવાર કલાક ૧૧.૦૦ થી સાંજ કલાક ૧૭.૦૦ સુધી બંધ રહેનાર છે.**

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

અ.નં	વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગ
૧.	પીરાણા જંકશનથી વિશાલા જંકશન તરફ જતા ડાબી બાજુના હયાત બ્રીજનો કુલ–૫૦૦ મીટરનો માર્ગ તમામ પ્રકારના વાહનોની અવર–જવર માટે બંધ રહેશે.	પીરાણા જંકશનથી વિશાલા જંકશન તરફ જતા જમણી તરફના એટલે કે,વિશાલા જંકશનથી પીરાણા જંકશન તરફ આવતા બ્રીજ પર હાલ અવર–જવર માટે બ્રીજનો માર્ગ ખુલ્લો હોય તે જ માર્ગ ઉપર અવર–જવર કરી શકાશે.

નોંધ : હાલ પીરાણા જંકશનથી વિશાલા જંકશન તરફ અવર–જવર કરવા માટે બે (૨) બ્રીજ હયાત છે જેમાંથી એક બ્રીજ ઉપર મુજબની વિગતે બંધ રહેનાર છે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૩૧/૮/૨૦૨૫

(એન.એન.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર